# જીલ્લા શિક્ષણ અને તાલીમ ભવન, સુરત

નવીનચંદ્ર મફતલાલ ઉદ્યાન રોડ, સ્વપ્ન સૃષ્ટી રેસી. પાસે. જીયાવ બુડિયા રોડ, ભેસ્તાન - 395023
Phone:(0261)2995466, 2996466 E-mail: dietsurat@gmail.com Website: dietsurat.org


જા. ક્રમાંક/ડાયેટ/સુરત/ઈન્સ્પાયર /2024- 4877 - 4917 તા: 6/08/2024

પ્રતિ,
આચાર્યશ્રી,
માધ્યમિક અને પ્રાથમિક શાળાઓ તમામ, જિ સુરત

વિષય: INSPIRE Award Scheme–MANAK(2024-25) આઈડિયા નોમિનેશન વધારવા બાબત.
સંદર્ભ: જીસીઈઆરટી નાં પત્ર: સાયન્સ/133353-450 તા:27/6/24 તથા
સાયન્સ /16370-400 તા: 1/8/24

જયભારત સહ ઉપરોક્ત વિષય અને અન્વયે જણાવવાનું કે INSPIRE Award Scheme–MANAK અન્વયે વર્ષ 2024-25 માટે ઓનલાઈન શાળા રજીસ્ટ્રેશન અને ઓન લાઈન પ્રોજેક્ટ/આઈડિયા નોમિનેશન પ્રક્રિયા તા 1/7/2024થી શરૂ થઈ ગઈ છે. આ રજીસ્ટ્રેશન પક્રિયા 15/9/24નાં રોજ બંધ થશે.

આ સ્કીમમાં ભાગ લેવા માટે જીલ્લા શાળાના વિદ્યાર્થીઓએ પોતાની નડતી જીવન વ્યવહારની સમસ્યાને હલ કરવા પોતાનો વિચાર/આઈડિયા રજુ કરવાનો રહેશે. આ અન્વયે ધો 6થી 8ની શાળા દ્વારા મહત્તમ 5 અને ધો 9 થી 10ની શાળા દ્વારા મહત્તમ 5 આઈડિયા/ઇનોવેટીવ આઈડિયા વેબ પોર્ટલ(www.inspireawards-dst.gov.in) પર વિદ્યાર્થી/ શાળા દ્વારા અપલોડ (નોમિનેશન કરવાના ) કરવાના થાય છે.

<u>પરંતુ 1/8/24 સુધીમાં સુરત જીલ્લામાંથી ફક્ત 42 આઈડિયા જ નોમિનેશન થયેલ છે જે જીલ્લાની કુલ પ્રાથમિક અને માધ્યમિક શાળાની સંખ્યાના પ્રમાણમાં નહિવત છે.</u> આથી દરેક પ્રાથમિક અને માધ્યમિક શાળાના પ્રિન્સિપાલશ્રીએ તેમની શાળામાંથી મહત્તમ 5 આઈડિયા મુકવાનું આયોજન કરી ઈન્સ્પાર એવોર્ડના પોર્ટલ પર 30/8/24 પહેલા તમામ આઈડિયા અપલોડ કરવાના રહેશે.

- જે શાળાએ અગાઉના વર્ષમાં આ પોર્ટલ પર શાળાની રજીસ્ટ્રેશન કરાવેલ છે તેમણે દર વર્ષે પોતાના આઈડિયા અપલોડ કરવાના રહેશે, (આ શાળાએ નવું રજીસ્ટ્રેશન કરવાનું નથી, જુના લોગ ઈન અને પાસવર્ડ થી અપલોડ કેવાનું રહેશે.)
- <u>જે શાળાએ અત્યાર સુધી આ પોર્ટલ પર શાળાનું રજીસ્ટ્રેશન કરાવેલ નથી તેમને પ્રથમ શાળાનું રજીસ્ટ્રેશન કરાવવાનું રહેશે.</u> ( રજીસ્ટર શાળાએ એપ્લીકેશન નંબર આધારે તમારા લોગીન આઈડી ,પાસવર્ડથી દર વર્ષે નવા આઈડિયા રજીસ્ટ્રેશન કરશો. લોગીન આઈડી ,પાસવર્ડ ન હોય તો નીચેના સંપર્ક નંબર પરથી મેળવી લેવો. )
- <u>આપ જેટલા આઈડિયા મુકવાના હોય તે તમામ અપલોડ કાર્ય બાદ જ ફાઈનલ સબમીટ આપવું.</u>

- એક આઈડિયા એક વિદ્યાર્થી, એમ જેટલા આઈડિયા તેટલા વિદ્યાર્થી લેવા.
- શાળા દીઠ 5 આઈડિયા મૂકી શકાશે.
- જીલ્લાના કુલ નોમિનેટ આઈડીયા પૈકી 10 % ને એવોર્ડ મળશે. એક એવોર્ડ પેટે રૂ.10000/ એવોર્ડની રકમ જમા (જેતે વિદ્યાર્થીના ખાતામાં ) થશે. જેનો ઉપયોગ મોડેલ બનાવવા, જીલ્લા પ્રદર્શનમાં ભાગ લેવા પ્રવાસ ખર્ચ માટે કરવાનો રહેશે.

+ રજીસ્ટ્રેશન માટે નીચેની બાબત ધ્યાને લેવી.

1) જે વિદ્યાર્થીઓના નામે રજીસ્ટ્રેશન કરાવવાનાં છો તે વિદ્યાર્થીના વાલીને ઉપરોક્ત બાબત જાણ કરી તેમની સંમતિ લઈને જ નોમિનેટ કરવુ, નહી તો કેટલીક વખત વાલીઓ ઈનામની રકમ રૂ.10000/ આપવાની ના પાડે છે. આથી તેમને સ્કીમની તમામ જાણ કરશો. જેથી પાછળથી કોઈ પ્રશ્ન ન થાય.

2) જેતે વિદ્યાર્થીનું રાષ્ટ્રીયકૃત બેકમાં ખાતું હોવું જોઈશે, કેટલીક સહકારી બેન્કનું ખાતું ચાલશે નહી.

3) બેક પાસબુકમાં જે રીતે નામ લખેલ છે તે રીતે જ પોર્ટલમાં વિદ્યાર્થીનું નામ લખવાનું રહેશે.

4) ઈન્સ્પાયર એવોર્ડ માર્ગદર્શિકા ડાયેટ સુરતની વેબસાઈટ છે તેનો અભ્યાસ કરી લેવો.

આથી આપશ્રીએ વધારેમાં વધારે નાવીન્યપૂર્ણ આઈડિયા નોમીનેશન કરશો.

- શાળા રજીસ્ટ્રેશન અને આઈડિયા રજીસ્ટ્રેશન બાબતે માર્ગદર્શન માટે સંપર્ક:

1) બી. વંદનામૂર્તિ ટેકનીશિયન, ડાયેટ સુરત 9925833863

2) રશ્મીકાંત પટેલ વિજ્ઞાન સલાહકાર, ડાયેટ સુરત -9099453960

3) ધર્મેશભાઈ પ્રજાપતિ શિક્ષક , ન પ્રા શાળા 234 - 9724302847

ડાયેટ સુરત વેબ સાઈટ: dietsurat.org

| | | |
|---|---|---|
| જીલ્લા પ્રા.શિક્ષણાધિકારી | જીલ્લા શિક્ષણાધિકારી | પ્રાચાર્ય |
| સુરત | સુરત | જીલ્લા શિક્ષણ અને તાલીમ ભવન |
| | | સુરત |

નકલ સવિનય રવાના જાણ સારું

1) રીડરશ્રી, ગ.વિ.એકમ, જી.સી.ઈ.આર.ટી.-ગાંધીનગર

નકલ રવાના જાણ સારું :

1) તા.કે.નિરિક્ષકશ્રી તમામ તાલુકા, સુરત

2) શાસનાધિકારીશ્રી, સુરત

નકલ રવાના દરેક શાળાને પત્ર મોકલવા અને અમલ કરાવવા સારું :

1) એસ વી એસ કન્વીનર શ્રી, તમામ જિ: સુરત

2) યુ/બી આર સી કો ઓર્ડીનેટર શ્રી, તમામ જિ: સુરત